पुणा International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Class -VIII

# GUJARATI

# Specimen Copy

# Year- 2021-22

| | **દ્વિતીય સત્ર** |
|---|---|
| 10 | આલાલીલા વાંસડિયા |
| 11 | એક જાદુઇ પત્રની વાર્તા |
| 12 | રાવણનું મિથ્યાભિમાન |
| 13 | સાગરકાઠાંનો પ્રવાસ |
| 14 | સારા અક્ષર |
| 15 | ગુજરાત મોરી મોરી રે |
| 16 | માતૃહ્યદય |
| 17 | સુભાષિત |
| | પૂરકવાંચન |
| 1 | શેરીએ આવે સાદ |
| 2 | કાબુલી |
| 3 | રૂપાળું મારું ગામડું |

# <u>10 આલાલીલા વાંસડિયા</u>

## <u>શબ્દાર્થ</u>

1) આલા = આછી ભીનાશ ધરાવતા
2) વાંસડિયા = વાંસ
3) વઢાવું = કપાવું
4) ઉતરાવું = ઘાટ કે આકાર અપાવું
5) લાડકો = વહાલો
6) ફૂમતા = છોગા
7) મેહ = વરસાદ
8) મોલ = પાક
9) મોતીડાં = મોતી જેવા અનાજના દાણા.

## <u>સાહિત્ય</u>

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) વાંસડિયા શા માટે વઢાવવાના છે ?
જ) વાંસડિયા વાંસળી બનાવવા માટે વઢાવવાના છે.

2) વાંસળીએ શું લટકે છે ?
જ) વાંસળીએ ચાર ફૂમતા લટકે છે.

3) મેહ કઇ દિશાએથી આવે છે ?
જ) મેહ ઉત્તર દિશાએથી આવે છે.

4) ખેતરમાં શું ઝૂલી રહ્યું છે ?
જ) ખેતરમાંપાક ઝૂલી રહ્યો છે.

નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો.

1) ગીતના આધારે વાંસળીનું વર્ણન કરો ?
જ) વાંસળી લીલા વાંસમાથી બનાવેલી છે. વાંસળી ઉપર હંસ,પોપટ અને મોર મૂકવામાં આવ્યા છે. વાંસળીની શોભા માટે તેને ચાર ફૂમતા લગાડેલા છે. આમ વાંસળી સુંદર રીતે શણગારેલી છે..

2) ગીતમાં ‘મોતીડા’ શબ્દ કોના માટે વપરાયો છે ? શા માટે ?

જ) ગીતમાં 'મોતીડા' શબ્દ ખેતરમાં ઝૂલતા ડૂંડામાં રહેલા દાણા માટે વપરાયો છે. મોતી કિંમતી છે. મોતી જેવા અનાજના 'દાણા' પણ કિંમતી છે.

3) વાંસળી કેવી રીતે વાગતી હશે ?
જ) વાંસળી ફૂંક મારીને વગાડવામાં આવે છે. વાંસળી પર સાત છિદ્ર ( કાણા ) પાડેલા હોય છે. છિદ્રો ઉપર આંગળીઓ દાબીને કે છિદ્રો પરથી આંગળીઓ ઉઠાવીને સાત પ્રકારના સૂરો કાઢવામાં આવે છે.

## વ્યાકરણ

### ઉદાહરણ પ્રમાણે શબ્દ બનાવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | આંગળી | - | અંગૂઠી | 2) | નાક | - | નથણી |
| 3) | હાથ | - | કડું | 4) | પગ | - | ઝાંઝર |
| 5) | ડોક | - | હાર | 6) | કેડ | - | કંદોરો |

### નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | વાંસળી | = | બંસી | 2) | પોપટ | = | શુક |
| 3) | લાડકો | = | વહાલો | 4) | મેહ | = | વરસાદ |
| 5) | પાદર | = | ભાગોળ | | | | |

### નીચેના શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ઉતરાવવું | x | ચઢાવવું | 2) | ઓતરાદા | x | દખણાદા |

# 11. એક જાદુઇ પત્રની વાર્તા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | યાર | = | મિત્ર |
| 2) | વેવિશાળ | = | સગાઇ |
| 3) | કેબિન | = | કાર્યાલય |
| 4) | ઘુસવું | = | દાખલ થવું |
| 5) | ઉખેળવું | = | ખોલવું |
| 6) | સનાતન | = | કાયમી |
| 7) | ગવર્નર | = | અધિકારી |
| 8) | વિકટ | = | મુશ્કેલ |
| 9) | નુસખા | = | યુક્તિ |
| 10) | અમોઘ | = | અચૂક |

સાહિત્ય

## નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) નિરંજન અને તેના મિત્રએ ફિલ્મ જોવા જવાનુ ક્યારે નક્કી કર્યું ?
જ) નિરંજન અને તેના મિત્રએ ફિલ્મ જોવા જવાનુ રવિવારે નક્કી કર્યું.

2) પત્ર કોને લખ્યો હતો ?
જ) પત્ર નિરંજનના દૂરના કાકા વેદસાહેબે લખ્યો હતો.

3) વેદ સાહેબ કયો હોદ્દો ધરાવે છે?
જ) વેદ સાહેબ લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નરનો હોદ્દો ધરાવે છે.

4) ફિલ્મ જોવા માટે મેનેજરે શી વ્યવસ્થા કરી ?
જ) ફિલ્મ જોવા માટે મેનેજરે બાલ્કનીમાં બે એક્સ્ટ્રા ખુરશીઓ મુકાવી.

5) નિરંજનના મિત્રને ક્યાં અને કઇ નોકરી મળી ?
જ) નિરંજનના મિત્રને વેદસાહેબની ઓફિસમાં ક્લાર્ક તરીકેની નોકરી મળી.

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) પત્ર જાદુઇ કેમ લાગ્યો?

જ) લેખક એમના મિત્ર નિરંજન સાથે રવિવારે સવારે સિનેમા જોવા ગયા. તેને અગાઉ ટિકિટ લીધી નહોતી અને થિયેટર હાઉસફૂલ હતું. તેમણે કોઇનાથી અક્ષરો ન ઉકલે એવો એક પત્ર ‘લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર વેદસાહેબનો છે’ એમ કહી સિનેમાગૃહના મેનેજરને આપ્યો. મેનેજરે બાલ્કનીમાં બે વધારાની ખુરશીઓ મુકાવીને બંને મિત્રો માટે સિનેમા જોવાની વ્યવસ્થા કરી આથી પત્ર જાદુઇ લાગ્યો. .

2) નિરંજનના મિત્રએ પત્રનો કેવો ઉપયોગ કર્યો ?

જ) નિરંજનના મિત્રએ એક સુવિખ્યાત કંપનીમા ક્લાર્કની જગ્યા માટે અરજી કરી હતી. તેનો ઇન્ટર્વ્યૂ હતો. મિત્ર એ જાદુઇ પત્ર લઇને ગયો તેણે એ પત્ર પી.એ. દ્વારા કંપનીના મેનેજરને મોકલાવ્યો. વાસ્તવમાં જેમણે એ પત્ર લખ્યો હતો તે વેદસાહેબ પોતે જ એ કંપનીના મેનેજર હતા. વેદસાહેબે પોતાના અક્ષર ઓળખ્યા પણ તે લખાણ ઉકેલી શક્યા નહિ.આ પત્રને લીધે નિરંજનના મિત્રને નોકરી મળી ગઇ. આમ, નિરંજનના મિત્રએ પત્રનો ઉપયોગ નોકરી મેળવવા માટે કર્યો.

3) વેદસાહેબ વિશે પાંચ – સાત વાક્યો લખો.

જ) વેદસાહેબનું નામ એમ. જી. વેદ હતું. તેઓ લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર હતા તેઓ નિરંજનના દૂરના કાકા હતા. નિરંજનનો મિત્ર જે કંપનીમાં ઇન્ટર્વૂ આપવા ગયો હતો તે કંપનીમાં વેદસાહેબ મેનેજર હતા. પત્ર તેમના જ હસ્તાક્ષરમાં હતો, છતા તે વાંચી શક્યા નહિ.આવો પત્ર તેમણે કોઇની ભલામણ માટે લખ્યો હોય એવું તેમને યાદ નહોતું. આમ છતા તેમણે પત્ર લાવનાર નિરંજનના મિત્રને નોકરી આપી, આમ વેદસાહેબ ભલા માણસ હતા.

4) લેટરહેડના ખરાબ અક્ષરો જોઇને લેખક શું કહે છે ?

જ) લેટરહેડના ખરાબ અક્ષરો જોઇને લેખક કહે છે કે ‘ આ પત્રના અકક્ષરો જેવા ખરાબ અક્ષરો મે ક્યાંય જોયા નથી. કુલેખનની હરીફાઇ યોજાય તો આ અક્ષરોનો લખનારો જ્યાં સુધી ભાગ લે ત્યાં સુધી બીજા કોઇને ઇનામ જ ના મળે.’

<u>વ્યાકરણ</u>

## નીચેના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | સમજ | = | અક્કલ | 2) | સનાતન | = | કાયમી |
| 3) | વ્યવસ્થા | = | ગોઠવણ | 4) | અમોઘ | = | અચૂક |
| 5) | ગભરામણ | = | મૂંઝવણ | | | | |

## નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | મુશ્કેલ | x | સહેલું | 2) | સ્મિત | x | રુદન |
| 3) | શાંતિ | x | અશાંતિ | 4) | વિવેક | x | અવિવેક |

5) વ્યવસ્થા x અવ્યવસ્થા

## નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી, તેમનો વાક્યમાં પ્રયોગ કરો

1) ઝંખવાણા પડી જવું - છોભીલા પડી જવું
વાક્ય : જૂઠાણું ખુલ્લું પડી જતા અજય ઝંખવાણો પડી ગયો.

2) સ્તબ્ધ થઇ જવું - આશ્ચર્ય ચકિત થઇ જવું
વાક્ય : પોતાના દિકરાને જ ઘરમાંચોરી કરતો જોઇને પિતાજી સ્તબ્ધ પઇ ગયા.

3) મોતિયા મરી જવા - હિંમત હારી જવી
વાક્ય : દૂરથી સિંહને આવતો જોઇને બધાના મોતિયા મરી ગયા.

## નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

1) મથાળે છાપેલાં નામ સરનામાંવાળો કાગળ - લેટરહેડ

2) કૌરવો – પાંડવો વચ્ચે જ્યાં યુદ્ધ થયું હતું તે સ્થળ - કુરુક્ષેત્ર

# 12.રાવણનું મિથ્યાભિમાન

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | મિથ્યાભિમાન | = | ખોટું અભિમાન |
| 2) | ત્ર્યંબક | = | શિવજીના ધનુષ્યનું નામ |
| 3) | ચાપ | = | ધનુષ્યની પણછ |
| 4) | બંદીવાન | = | કેદી |
| 5) | મેરુ | = | એક પર્વત |
| 6) | પલક | = | ક્ષણવાર |
| 7) | પોકાર કરવો | = | મોટેથી બોલવું |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) સભામંડપમાં રાવણ કેવી રીતે બોલ્યો?
જ) સભામંડપમાં રાવણ અભિમાન સાથે બોલ્યો.

2) શિવ ઉમિયાની સ્તુતિ કોણે કરી?
જ) સતી સીતાએ શિવ ઉમિયાની સ્તુતિ કરી.

3) રાવણ પોતાના હોઠ દાંત વડે શા માટે પીસે છે?
જ) રાવણથી શિવધનુષ્ય ખસ્યું નહિ એટલે એના મનમાં સંતાપ થયો, આથી તે ક્રોધથી પોતાના હોઠ દાંત વડે પીસે છે.

4) જનકરાજાએ સ્વયંવર વખતે શી શરત મૂકી હતી?
જ) જનકરાજાએ સીતાજીના સ્વયંવર વખતે આ શરત મૂકી હઅતી : જે વ્યક્તિ ત્રંબક ધનુષ્યને ઉઠાવશે તેને સીતા વરમાળા પહેરાવશે.

5) રાવણના મતે જનકરાજાને કોણ મારશે?
જ) રાવણના મતે જનકરાજાને કુંભકર્ણ અને ઇંન્દ્રજિત મારશે.

### નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) રાવણને પોતાનાં ક્યાં ક્યાં પરાક્રમોનું અભિમાન હતું?
જ) રાવણે કૈલાસ પર્વતને હલાવી નાખ્યો હતો. દેવોને કેદ કર્યા હતા. મેરુ અને મંદ્રાચળ પર્વતોને તે દળાની જેમ ઉછાળી શકતો હતો. સમગ્ર બ્રહ્માંડને તે ગોળ ગોળ ફેરવી શકતો હતો. રાવણને પોતાનાં આ પરાક્રમોનું અભિમાન હતું.

2) સીતાએ ભગવાન શિવને શી પ્રાર્થના કરી ?

જ) જો રાવણ ધનુષ્ય ઊંચકે તો શરત પ્રમાણે સીતાએ રાવણને વરમાળા પહેરાવવી પડે. સીતાજી એવું ઇચ્છતાં નહોતાં, તેથી સીતાએ ભગવાન શિવને પ્રાર્થના કરી કે એમનું ત્ર્યંબક ધનુષ્ય રાવણ ઊંચકી ન શકે એવું કંઇક કરીને તમે મારી લાજ રાખજો.

3) ધનુષ્ય ઉપાડવા જતાં રાવણની શી દશા થઇ?

જ) ધનુષ્ય ઉપાડવા જતાં રાવણને ખૂબ જોર કરવું પડ્યું. તે પરસેવે રેબઝેબ થઇ ગયો. તેને શ્વાસ ચઢ્યો. તેણે જેવું ધનુષ્ય સહેજ ઊંચું કર્યું કે તે હાથમાથી છટકી ગયુ. રાવણ ભોંય પર પટકાયો અને ધનુષ્ય તેના ઉપર પડ્યું. તે ધનુષ્ય નીચે દબાયો અને ઘાયલ થયો. તેના મોંમાથી લોહી વહેવા લાગ્યું .

4) ધનુષ્ય નીચે દબાયેલા રાવણે જનકને શું કહ્યું ?

જ) ધનુષની નીચે દબાયેલા રાવણે પોતાને બહાર કાઢવા જનકને કહ્યું. જો જનક તેને બહાર નહિ કઆઢે તો તેના પ્રાણ જશે.એવું થશે તો કુંભકર્ણ અને ઇંદ્રજિત જનકને મારશે અને રાક્ષસો જનકનાનગરનો નાશ કરી તેનું વેર લેશેં.

5) રાવણ ઉપર ધનુષ્ય પડતા શી દશા થઇ ?

જ) રાવણ ઉપર ધનુષ્ય પડતાં રાવણ તેની નીચે દબાયો. ત્યાં ઘણી ધૂળ ઊડી. તેના મોંમાથી લોહી વહેવા લાગ્યુ. તે ખૂબ ઘવાયો. તેના શરીરે અસહ્ય પીડા થવા લાગી.

<u>વ્યાકરણ</u>

## નીચેના શબ્દોના સમાનાર્થી અર્થ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | તત્કાળ | = | તરત | 2) | રક્ત | = | લોહી |
| 3) | કંદુક | = | દડો | 4) | લોચન | = | આંખ |
| 5) | ભૂષણ | = | ઘરેણું | 6) | નિશિચર | = | રાક્ષસ |
| 7) | અધર | = | હોઠ | 8) | પુર | = | નગર |

## નીચેના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | હસવું | x | રડવું | 2) | ઊંધુ | x | સીધું |
| 3) | વિકટ | x | સરળ | 4) | અતિ | x | અલ્પ |
| 5) | પૂર્ણ | x | અપૂર્ણ | 6) | બળવાન | x | નિર્બળ |
| 7) | દુ:ખ | x | સુખ | 8) | અભિમાન | x | નિરભિમાન |

## નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

1) સ્વયંવરમાં કન્યા પસંદ કરેલા વરને પહેરાવે તે માળા - વરમાળા
2) સંકટને હણનાર - સંકટહરણ

3) ઇન્દ્રને જીતનાર - ઇન્દ્રજિત
4) શિવજીનું ધનુષ્ય - ત્ર્યંબક
5) દશ માથાવાળું - દશાનન

## નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી, તેમનો વાક્યમાં પ્રયોગ કરો

1) ચાક ચડાવવો - ગોળ ગોળ ફેરવવું
વાક્ય : રાવણ બ્રહ્માંડને ચાક ચડાવવા શક્તિમાન હતો.

2) બાથ ભરવી - હિમત કરવી
વાક્ય : મે મોટો ધંધો કરવા બાથ ભરી અને હું સફળ થયો.

3) દાંત પીસવા - (ગુસ્સામાં) દાંત કચકચાવવાં
વાક્ય : ભીમે દાંત પીસીને પ્રહાર કર્યો.

4) શ્વાસ ચઢવો - થાકી જવું
વાક્ય : પર્વત ચઢતી વખતે ઘણાને શ્વાસ ચઢી જાય છે.

5) વેર લેવું - બદલો લેવો
વાક્ય : વેર લેવાથી વેર શમતું નથી.

# 13. સાગરકાંઠાનો પ્રવાસ

## શબ્દાર્થ

1) સિન્ધુ = દરિયો
2) અમી = અમૃત
3) દરિયાવદિલ = ઉદાર
4) સદી = સો વર્ષનો સમય
5) બેશુમાર = પુષ્કળ
6) વેરો = કર
7) નૌકા = નાવ
8) અવતાર = જન્મ
9) રખિયો = રાખો

## સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) પ્રવાસ સમિતિમાં ક્યા ત્રણ વિધ્યાર્થીઓ હતા?
જ) પ્રવાસ સમિતિમાં રેવતી, વરુણ અને સિંધુ એ ત્રણ વિધ્યાર્થીઓ હતા.

2) છેલ્લે ક્યા સ્થળનો પ્રવાસ યોજાઇ ગયો ?
જ) છેલ્લે આબુ-અંબાજીનો પ્રવાસ યોજાઇ ગયો હતો.

3) ઝવેરચંદ મેઘાણીએ બાપુ માટે ક્યું ગીત ગાયેલું છે?
જ) ઝવેરચંદ મેઘાણીએ બાપુ માટે 'સગર પીનારા અંજલિ નવ ઢોળજો બાપુ !' ગીત ગાયેલું છે.

4) સમિતિએ ક્યા સ્થળનો પ્રવાસ યોજવાનું નક્કી કર્યુ?
જ) પ્રવાસ સમિતિએ કચ્છનું માંડવી, સૌરાષ્ત્રનું માધવપુર અને દક્ષિણ ગુજરાતનું તીથલ આ ત્રણમાંથી સાહેબ કહે તે સ્થળે પ્રવાસ યોજવાનું નક્કી કર્યુ.

5) વહાણ તોડવાના વિશ્વવિખ્યાત કેન્દ્રનું નામ આપો?
જ) વહાણ તોડવાના વિશ્વવિખ્યાત કેન્દ્રનું નામ મણાર – અલંગ છે.

6) ગુજરાતીઓ 'દરિયાખેડુ' શા માટે કહેવાય છે?
જ) ગુજરાતીઓ દરિયાને ખેડીને દૂરદૂર વેપાર માટે જાય છે.તેઓ સાહસિક છે, તેથી 'દરિયાખેડુ' કહેવાય છે.

7) મીઠાઇના પડીકામાની સુખડી કેવી હતી?
જ) મીઠાઇના પડીકામાની સુખડી મોહનથાળ જેવી પોચી હતી.

8) વહાણ તોડવાના વિશ્વવિખ્યાત કેન્દ્રનું નામ આપો?
જ) વહાણ તોડવાના વિશ્વવિખ્યાત કેન્દ્રનું નામ મણાર – અલંગ છે.

## નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.

1) માધવપુરનું વર્ણન પાઠના આધારે કરો?
જ) માધવપુર સૌરાષ્ટ્રના સાગરકાંઠાનું વૃંદાવનછે. અહીં સદીઓ જૂનાં આંબલી, રાયણ, પપૈયા તથા નારિયેળીનાં પુષ્કળ ઝાડ છે. તાજામાજા પોપટ છે. માધવપુરનો મેળો જાણીતો છે. અહીં દર વર્ષે રુક્મણી અને શ્રીકૃષ્ણના લગ્ન ઉજવાય છે. ભાદર, ઓઝત અને મધવંતી નદીઓ અહીં સમુદ્રને મળે છે અને ફળદ્રુપ રાખે છે. અહીંનો દરિયાકિનારો વિશાળ ને સ્વચ્છ છે. તેથી ઘણા પ્રવાસીઓ તેને પસંદ કરે છે. લોકો અહીંના સૂર્યોદય અને સૂર્યાસ્ત જોઇને આનંદિત થઇ જાય છે.

2) ‘દ્વારકા’ વિશે ચાર – પાંચ વાક્યો લખો.
જ) દ્વારકા જામનગર જિલ્લાના ઓખા તાલુકાનું મુખ્ય મથક છે. તે સમુદ્રમાર્ગે ભારતમાં પ્રવેશવાનું દ્વાર ‘ગેટવે ઓફ ઇન્ડિયા !’ હતું. આદિશંકરાચાર્યે ભારતમાં સ્થાપેલા ચાર મઠોમાં દ્વારકાનો શારદાપીઠ પણ એક છે. અહીં દ્વારકાધીશ મંદિર અને રુક્મણીનામંદિરો છે.

3) દાંડી શા માટે પ્રખ્યાત છે?
જ) અંગ્રેજોએ મીઠા પર વેરો નાખ્યો ત્યારે ગાંધીજીએ દાંડીયાત્રા દ્વારા એનો વિરોધ કર્યો હતો. તેથી ગાંધીજીની દાંડીયાત્રા માટે પ્રખ્યાત છે.

4) આ પાઠમાં ગુજરાતના દરિયાકાંઠાનાંક્યાંક્યાં સ્થળોનો ઉલ્લેખ થયો છે?
જ) આ પાઠમાં ગુજરાતના દરિયાકાંઠાનાં આ સ્થળોનો ઉલ્લેખ થયો છે : માંડવી, માધવપુર, તીથલ, સોમનાથ, દ્વારકા, ભવનાથ, ચોરવાડ, પોરબંદર, ધોલેરા- લોથલ, મણાર – અલંગ, દીવ-દાંડી તથા જામનગર.

## <u>વ્યાકરણ</u>

## નીચેના શબ્દોના સમાનાર્થી અર્થ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | નજર | = | દ્રષ્ટિ | 2) | કુદરત | = | પ્રકૃતિ |
| 3) | સ્થળ | = | સ્થાન | 4) | પર્વત | = | પહાડ |
| 5) | અંજલિ | = | ખોબો | 6) | મુગ્ધ | = | સુંદર |

## નીચેના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | અમી | x | ઝેર | 2) | જન્મ | x | મૃત્યુ |
| 3) | માન | x | અપમાન | 4) | ઉદાર | x | કંજૂસ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 5) | શાપ | x | આશીર્વાદ | 6) | શરૂઆત | x | અંત |
| 7) | વિશાળ | x | સાંકડું | 8) | સૂર્યોદય | x | સૂર્યાસ્ત |

## નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | કોઇ સમૂહના નેતા તરીકે ચૂંટાયેલી વ્યક્તિ | - | પ્રતિનિધિ |
| 2) | પ્રભુનો કે મહાપુરુષનો સંસારમાં જન્મ થવો | - | અવતાર |
| 3) | વહાણો દ્વારા પરદેશનો વેપાર ખેડવો | - | વહાણવટું |
| 4) | દરિયાઓની મુસાફરી કરનાર | - | ખલાસી |

# 14.સારા અક્ષર

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | ચલને | = | ચાલને |
| 2) | ભિલ્લું | = | રમતમાં સાથીદાર |
| 3) | બટકણી | = | સહેલાઇથી તૂટી જાય તેવી |
| 4) | બરુ | = | એક પોચી સળીવાળો છોડ |
| 5) | તીરછી | = | ત્રાંસી |
| 6) | માથાકૂટ | = | વ્યર્થ મહેનત |
| 7) | ચાટલું | = | દર્પણ |
| 8) | અધમૂઆં | = | અડધાં મરેલા જેવાં |

## સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાકયમાં લખો.**

1) સાહેબ બધાને મેહુલની નોટ બતાવે છે, તે બાબતે હર્દિક શું માને છે?
જ) સાહેબ બધાને મેહુલની નોટ બતાવે છે, તે બાબતે હર્દિક માને છે કે તેની નોટનાં પાનાં લીસા અને સરસ છે.

2) 'ચારજો' ને બદલે કયો શબ્દ વંચાયો?
જ) 'ચારજો' ને બદલે 'મારજો' શબ્દ વંચાયો.

3) સોનલના પપ્પા તેને કેવી નોટ લાવી આપે છે?
જ) સોનલના પપ્પા તેને સસ્તી નોટ લાવી આપે છે.

4) અશરફ કલમને શેંમા બોળવાનું કહે છે?
જ) અશરફ કલમને શાહીના ખડિયામાં બોળવાનું કહે છે.

5) ગાંધીજીએ અક્ષરો વિશે શું કહ્યું છે?
જ) ગાંધીજીએ અક્ષરો વિશે કહ્યું છે કે ' ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે'.

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) સોનલનાં દાદીમાએ અક્ષર સુધારવા માટે શી સલાહ આપી?
જ) સોનલનાં દાદીમાએ અક્ષર સુધારવા માટે સલાહ આપી કે સવારે વહેલા ઊઠીને ઠંડા પાણીમાં હાથ નાખી દેવા અને હાથ ઠરી જાય એટલે એવા હાથે ધીમે ધીમે સરસ રીતે લખવું.

2) સોનલનાં અક્ષર સારા આવે છે તેનું કયું કારણ રાધા આપે છે?

જ) સોનલના અક્ષર સારા આવે છે તેનું કારણ આપતા રાધા કહે છે કે, સોનલ અણીવાળી પેન્સિલથી લખે છે એટલે એના અક્ષર સારા આવે છે.

3) ધવલે કલમના બદલે બોલપેનથી લખવાના ક્યા ફાયદા બતાવ્યા?

જ) ધવલે કલમના બદલે બોલપેનથી લખવાના આ ફાયદા બતાવ્યા : પેન્સિલની માફક અણી છોલવાની ચિંતા નહિ. ઇન્ડિપેનની માફક શાહી ભરવાની કડાકૂટ નહિ. હાથ ગંદા થવાનો ડર નહિ અને રીફિલ ખલાસ થાય એટલે બદલી નાખવાની.

## <u>વ્યાકરણ</u>

## નીચેના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

1) લીસાં x ખડબચડાં
2) અણિયાણી x બુઠ્ઠી
3) મોઘું x સસ્તું
4) ધીરજ x ઉતાવળ

# 15 . ગુજરાત મોરી મોરી રે

## - ઉમાશંકર જોશી

### શબ્દાર્થ

| | | |
|---|---|---|
| મોરી | - | મારી, આગલી હરોળની મોખરાની |
| મર્દાની | - | મરદાનીથી ભરેલાં |
| સોણલાં | - | સ્વપ્ન |
| મર્મર | - | ધીમો અવાજ |
| છોળે | - | મો જાંની છાલકોથી |
| કપરી | - | મુશ્કેલી |
| ચરોતર | - | સુંદર, લીલોછમ |

### સાહિત્ય

#### નીચેના પ્રશ્નોના જવાબ એક વાકયમાં લખો.

1) ગુજરાતને કવિએ કેવી કહી છે?
જ) ગુજરાતને કવિએ મોંઘેરી કહી છે.

2) નર્મદાનું બીજુ નામ લખો.
જ) નર્મદાનું બીજુ નામ ‘ રેવા ‘ છે.

3) ‘ ચરોતર ‘ પ્રદેશ ક્યાં આવેલો છે?
જ) ‘ ચરોતર ‘ પ્રદેશ મહી અને સાબર નદીઓ વચ્ચે આવેલો છે.

4) સારસની જોડી ક્યાં સહેલ કરે છે?
જ) સારસની જોડી જળાશયમાં કિનારે સહેલ કરે છે.

5) નર્મદના સમયે ગુજરાતની સ્થિતિ કેવી હતી?
જ) નર્મદના સમયમાં ગુજરાતની સામાજિક રીતે ખૂબ જ પછાત હતી.

#### નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) કાવ્યમાં ગુજરાતનાં ક્યાં-ક્યાં પ્રદેશોનો ઉલ્લેખ કર્યા છે? એ પ્રદેશો શા માટે જાણીતા છે?
જ) કાવ્ય માં ગુજરાતનાં ચરોતર અને ચોરવાડ પ્રદેશોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચરોતર એની ફળદ્રુપ જમીન અને ઔધોગિક વિકાસ માટે તેમજ ચોરવાડ દરિયાકિનારામાં વિહારધામ તરીકે જાણીતા છે.

2) ગુજરાતનું સોદર્ય ક્યાં શબ્દોમાં નીરુપવામાં આવ્યું છે?
જ) ગુજરાતનું સોદર્ય નીચેનાં શબ્દો દ્વારા નીરુપવામાં આવ્યું છે.
સાબરનાં મર્દાની સોણલાં , રેવાના અમૃત જેવા જળ, સમુદ્ર ની મોતીની છોળો, ગીરનારનાં પર્વતો ,ઇડરીયો ગઢ , પાવાગઢ , ચોરવાડ અને ચરોતર , કોયલ અને મોર , નમણી પનીહારીઓ અને સારસ વગેરે ...

## વ્યાકરણ

**નીચેનાં શબ્દોનાં સમાનાર્થી શબ્દો લખો.**

1) ભોમ = ધરતી
2) આંખ = નયન
3) સમંદર = દરિયો
4) હેત = પ્રેમ
5) નીર = પાણી

# 16 માતૃહ્રદય

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | જટા | = | માથાના વધારેલા વાળ |
| 2) | સદીઓ જૂના | = | ઘણા પુરાણા |
| 3) | માલધારી | = | ઢોરઉછેર કરતી જાતિનો માણસ |
| 4) | નેસડા | = | જંગલમાં વસતા માલધારીઓના ઝૂંપડાનો સમૂહ |
| 5) | કાળ | = | મોત |
| 6) | સાવજ | = | સિંહ |
| 7) | આજીવન | = | જીવનભર |
| 8) | કરગઠિયાં | = | બળતણ માટે નાના લાકડા |
| 9) | નવજાત શિશું | = | તરતનું જન્મેલું બાળક |
| 10) | બલિહારી | = | કરામત |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) ગિરનાર કોની જેમ બેઠો છે?
જ) ગિરનાર કોઇ વૈરાગી સાધુની જેમ બેઠો છે.

2) પ્રાગડ ફૂટે એટલે માલધારીઓ શું કરતાં?
જ) પ્રાગડ ફૂટે એટલે માલધારીઓ ભેંસો અને બીજાં ઢોરોને લઇને ચરાવવા ઉપડી જતાં.

3) બાળકને નદીની ભેખડમાં ગલૂડિયા જેવું શું દેખાયું?
જ) બાળકને નદીની ભેખડમાં ગલૂડિયા જેવું સિંહનું બચ્ચું દેખાયું.

4) સિંહણનાં બચ્ચાને જોઇને બાળકે શું કર્યું?
જ) સિંહણના બચ્ચાને જોઇને બાળકે તેને વહાલપૂર્વક તેડી લીધું અને તે બચ્ચા પર હાથ ફેરવવા લાગ્યો..

### નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ઉં.....ઉં..... અવાજ કોણ કરતું હતું? શા માટે?
જ) ઉં.....ઉં..... અવાજ સિંહબાળ કરતું હતું. તે તાજું જન્મેલું હતું, તેથી તેના નાના પગ વડે ભેખડ પરથી ઊતરવા પ્રયત્ન કરતું હતું, પણ ઊતરી શકતુ ન હતું. તેથી અવાજ કરતું હતું.

2) માતાને કયું દ્રશ્ય જોઇને ધરતી ગોળ ગોળ ફરતી લાગી?

જ) એક બાજું માલધારી સ્ત્રીનું શિશું સિંહબાળને રમાડી રહ્યું હતું અને બીજી બાજું સિંહણ એના બચ્ચાને જોઇ એની નજીક આવી રહી હતી. માલધારી શિશુની માતાએ આ ભયાનક દ્રશ્ય જોયુ અને તેને ધરતી ગોળ ગોળ ફરતી લાગી.

3) સિંહણે હુમલો કેમ ન કર્યો?

જ) એક બાજુ માલધારી સ્ત્રી અને બીજી બાજુ સિંહણ – બંને માતાઓ હતી. એમની વચ્ચે તેમનાં શિશુઓ હતા. ઘડીભર બંને માતાઓએ આંખ મિલાવી. માલધારી સ્ત્રીને પોતાના બાળકને લઇને પોતાના નેસમાં જવું હતું. સિંહણને પોતાના શિશુને લઇને બોડમાં જવું હતું. શિશુ પ્રત્યેની મમતા અને પ્રેમમાં તેમની વચ્ચે કશો જ ભેદ ન હતો તેથી સિંહણે હુમલો ન કર્યો.

## વ્યાકરણ

### નીચેના સમાનાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | જંગલ | = | વન | 2) | ડર | = | ભય |
| 3) | શિશુ | = | બાળક | 4) | નજર | = | દ્રષ્ટિ |
| 5) | જુદું | = | અલગ | 6) | ગોદ | = | ખોળો |

### નીચેના વિરુધ્ધાર્થી શબ્દ લખો.

| | | | |
|---|---|---|---|
| 1) | મુશ્કેલ | x | સરળ |
| 2) | સૂંકા | x | લીલાં |
| 3) | નજીક | x | દૂર |
| 4) | જુદાં | x | ભેગા |
| 5) | પ્રેમ | x | નફરત |

### નીચેના શબ્દ સમુહ માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | જિંદગીના અંત સુધી | = | આજીવન |
| 2) | એક જ નામથી ઓળખાતો લોકસમૂહ | = | કોમ |
| 3) | માલધારીઓએ જંગલમાં બાંધેલા ઝૂંપડાનું ગામ | = | નેસ |
| 4) | ઢોરઉછેર કરતી જાતિનો માણસ | = | માલધારી |
| 3) | સિહની ગર્જના | = | ત્રાડ |

### નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

1) કાળના મુખમાં રહેવું = સતત મૃત્યુંના ડરમાં રહેવું

વાક્ય : માલધારીઓ જંગલમાં કાળનાં મુખમાં જ રહે છે.

2) પ્રાગડ ફૂટવું = સવાર થવું
વાક્ય : વિદ્યાર્થીઓએ પ્રાગડ ફૂટતા પહેલા ઊઠી જવું જોઇએ.

3) નજર પડવી = ધ્યાન જવું
વાક્ય : દિનેશની નવી ઘડિયાળ પર બધાની નજર પડી.

4) રસ પડવો = મજા પડવી
વાક્ય : બાળકોને ગાર્ડનમાં મજા પડી ગઇ.

5) ચોંકી ઊઠવું = ચમકી જવું
વાક્ય : વર્ગમાં આચાર્ય આવતા જ વિદ્યાર્થીઓ ચોંકી ગયા .

# 18 સુભાષિત

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | સમું | = | જેવું |
| 2) | આભ | = | આકાશ |
| 3) | છત્ર | = | રક્ષણ કરનાર |
| 4) | વૃથા | = | નકામું |
| 5) | નીપજે | = | બને |
| 6) | લહિયો | = | લખવાનું કામ કરનારો માણસ |
| 7) | પંથ | = | માર્ગ |
| 8) | ઔષધ | = | દવા |
| 9) | જલાવી | = | સળગાવી |
| 10) | સુવાસિત | = | સુગંધિત |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) મિત્ર કેવો હોવો જોઇએ?
જ) મિત્ર પોતાના જેવો જ હોવો જોઇએ.

2) આપણે બીજા સાથે કેવી રીતે વર્તવું જોઇએ?
જ) આપણે બીજા સાથે પ્રેમથી વર્તવું જોઇએ.

3) સંત પુરુષોનું જીવન કેવું હોય છે ?
જ) સંત પુરુષોનુ જીવન ધૂપ જેવું હોય છે. પોતે દુ:ખ વેઠીને બીજાને સુખ આપે છે.

4) પંડિત કઇ રીતે થવાય છે ?
જ) સતત નવું શીખતા રહેવાથી પંડિત થવાય છે.

### નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) આપણે લાંબો પંથ કાપવા માટે શું કરવું જોઇએ?
જ) આપણે લાંબો પંથ કાપવા માટે ધીમે ધીમે, મક્કમ ડગલા ભરતાં ભરતાં ચાલવું જોઇએ.

2) જીવનમાં પુરુષાર્થનું શું મહત્વ છે?
જ) જેમ સતત ભણતા રહેવાથી વિદ્વાન બની શકાય છે, સતત લખતા રહેવાથી લહિયો બની શકાય

છે, અને રોજ થોડુ થોડુ ચાલવાથી લાંબો પંથ કપાય છે. આમ જીવનમાં કશુંક મેળવવાં માટે સતત પુરુષાર્થ કરવો જોઇએ.

## વ્યાકરણ

### નીચેના સમાનાર્થી શબ્દ લખો.

1) વેર = શત્રુતા 2) પંડિત = જ્ઞાની
3) અન્ય = બીજુ 4) સર્વ = બધુ

### નીચેના વિરુધ્ધાર્થી શબ્દ લખો.

1) લાંબો x ટૂંકો
2) પ્રેમ x નફરત
3) સુખિયા x દુ:ખિયા
4) પાપ x પુણ્ય

# પૂરક વાચન

## 1. શેરીએ આવે સાદ

### અઘરા શબ્દો

1) કુંજ 2) સાદ 3) પોર
4) પેખવું 5) મોર 6) મરવો
7) મોકળું 8) રંજાડ 9) ભેરુ

### શબ્દાર્થ

1) કુંજ = વૃક્ષો – વેલીઓનાં પાંદડાથી થયેલી ઘટા
2) સાદ = અવાજ
3) પોર = ગયું વરસ
4) પેખવું = જોવું
5) મોર = આંબાના ફૂલ

| | | | |
|---|---|---|---|
| 6) | મરવો | = | નાની કાચી કેરી |
| 7) | મોકળું | = | જગ્યાની છૂટવાળું |
| 8) | રંજાડ | = | હેરાનગતિ |
| 9) | ભેરુ | = | દોસ્ત |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાકયમાં લખો.

1) કોયલ કયાં બોલતી હતી ?
જ) કોયલ કુંજમાં બોલતી હતી.

2) કવિ કયાં જવા કહે છે ?
જ) કવિ આંબાવાડીએ જવા કહે છે.

3) આંબાવાડીએ મોર કેવી રીતે ઝૂલે છે ?
જ) આંબાવાડીએ આંબાનું એકેય પાંદડું દેખાય નહિ એવી રીતે મોરનો ઘટાટોપ ઝૂલે છે.

4) કવિએ કાવ્યમાં 'કાચી કેરી' તેમજ 'અંકુર' માટે કયા શબ્દો પ્રયોજ્યા છે ?
જ) કવિએ કાવ્યમાં 'કાચી કેરી' માટે 'મરવો' તેમજ 'અંકુર' માટે 'અંકોર' શબ્દો પ્રયોજ્યા છે.

5) આંબાવાડીમાં જઇને સૌ મિત્રોએ શું કરવું છે ?
જ) આંબાવાડીમાં જઇને સૌ મિત્રોએ આંબાની ડોલતી ડાળીએ ડાળીએ ઘૂમવું છે અને આનંદમસ્તીમાં આવીને ચિચિયારીઓથી વાતાવરણ ગજવવું છે.

6) બાળકને ઘરનું આંગણું શા માટે નાનુ લાગે છે ?
જ) બાળકને મુક્તપણે રમવા માટે મોકળું મેદાન જોઇએ છે, તેથી બાળકને ઘરનું આંગણું માટે નાનુ લાગે છે

7) કવિને રમવા માટે મોકળું વન શા માટે ગમે છે ?
જ) કવિને રમવા માટે મોકળું ગમે છે કારણ કે ત્યાં કોઇની કનડગત હોતી નથી અને રમવા માટે આખો દિવસ મળે છે

8) આંબાવાડીએ રમવાની મજા કોને નહિ મળે ?
જ) જેને ડાળીઓ પર ચઢ ઉતર કરવાની બીક લાગે છે, એવા કાયર બાળકોને આંબાવાડીએ રમવાની મજા
નહિ મળે.

## વ્યાકરણ

### નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | સાદ | = | અવાજ | 2) | યાદ | = | સ્મરણ |

3) મોકળું = ખુલ્લું 4) વન = જંગલ

## નીચેના શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દ લખો.

1) તાજું X વાસી 2) ડોલતું X સ્થિર
3) કાયર X વીર

## નીચેના શબ્દોની સચી જોડણી લખો.

1) આંબાવાડિઉ = આંબાવાડિયું 2) તાજિ = તાજી
3) જૂલતો = ઝૂલતો 4) રંઝાડ = રંજાડ

## નીચેના શબ્દસમૂહો માટે એક-એક શબ્દ આપો.

1) વૃક્ષો તેમજ પુષ્કળ વેલીઓનાં પાંદડાંથી થયેલી ઘટા = કુંજ
2) આંબાનાં ફૂલ – મંજરી = મોર
3) આંબા પર આવતી નાની કાચી કેરી = મરવો
4) જગ્યાની છૂટવાળું = મોકળું

# 2. કાબુલી

## અઘરા શબ્દો

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) | પંડિત | 2) | માંજરું | 3) | મોટા પોથાં |
| 4) | ઉથામવું | 5) | પરવાર | 6) | ખાંધે |
| 7) | મંગળ દહાડે | 8) | ચોરખીસું | 9) | આભો |

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | પંડિત | = | શાસ્ત્રોના જાણકાર |
| 2) | માંજરું | = | ભૂરી કીકીવાળું |
| 3) | મોટા પોથા | = | મોટાં પુસ્તકો |
| 4) | ઉથામવું | = | ઉપાડવું |
| 5) | પરવાર | = | નવરાશ |
| 6) | ખાંધે | = | ખભે |
| 7) | મંગળ દહાડે | = | શુભ દિવસે |
| 8) | ચોરખીસું | = | કપડાંમાં બહારથી ખબર ન પડે તેવું ગુપ્ત ગજવું. |
| 9) | આભો | = | ચકિત |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) મીનીના બાપ શું હતા ?
જ) મીનીના બાપ મોટા પંડિત હતા.

2) ફોઇએ છોકરીનું નામ શું પાડ્યુ હતું ? શા માટે ?
જ) ફોઇએ છોકરીનુ નામ 'મીની' પાડ્યુ હતું કારણકે છોકરીની આંખ બિલાડીની આંખ જેવી માંજરી હતી.

3) મીની બાપને કઇ વાર્તા કહેવાનું કહે છે ?
જ) મીની બાપને સૂપડા જેવા કાનવાળા રાજાની વાત કહેવાનું કહે છે.

4) 'સાસરા' વિશે મીની શું માનતી હતી ?
જ) મીની માનતી હતી કે 'સાસરું' કોઇ ગામ હશે.

5) કાબુલીને સિપાઇઓ શા માટે જેલમાં લઇ જતા હતા ?
જ) કાબુલીએ કોઇને છરી મારી હતી, તેથી સિપાઇઓ તેને જેલમા લઇ જતા હતા.

### નીચેના પ્રશ્નોના જવાબ લખો

1) મીનીના લગ્નસમયે ઘરનું વાતાવરણ કેવું હતું ?

જ) મીનીના લગ્નસમયે ઘરના આંગણે મોટો માંડવો બાંધેલો હતો. ચોકમાં મોટા સાથિયા પૂરેલા હતા. ગામમાથી સારા ઢોલી અને શરણાઇ વાદક આવ્યા હતા. ઘરમાં મધુરી શરણાઇ વાગી રહી હતી. આમ, ઘરમાં મીનીના લગ્નનું મંગળ વાતાવરણ જામ્યું હતું .

2) કાબુલી શા માટે મીનીને ખૂબ ચાહતો હતો ?

જ) કાબુલી વૃધ્ધ હતો. કાબુલીને મીની જેવી એક દીકરી હતી. તે દીકરી વતનમાં હતી મીનીને જોઇને કાબુલીને તેની દીકરી યાદ આવતી. આથી તે મીનીને પણ ખૂબ ચાહતો હતો..

## <u>વ્યાકરણ</u>

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | બુઢ્ઢો | = | ઘરડો | 2) | ડોકું | = | ગરદન |
| 3) | પહાડ | = | પર્વત | 4) | કુમળી | = | નાજુક |

### નીચેના શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | જાડું | X | પાતળું | 2) | ઊંચું | X | નીચું |
| 3) | આશીર્વાદ | X | શાપ | 4) | મંગળ | X | અમંગળ |

### નીચેના શબ્દસમૂહો માટે એક-એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | જેની આંખની કીકી ભૂરી છે તેવું | = | માંજરું |
| 2) | અનાજ ઝાટકવાનું સાધન | = | સૂપડું |
| 3) | લગ્નપ્રસંગે વરકન્યાને શરીરે ચોળવાનો હળદરનો લેપ | = | પીઠી |
| 4) | ખમીસમાં બહારથી ખબર ન પડે તેવું ગુપ્ત ગજવું | = | ચોરખીસું |

# 3 . રૂપાળું મારું ગામડું

## અઘરા શબ્દો

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) | રંગભર્યું | 2) | નીર | 3) | રેંટિયો |
| 4) | ખટુકો | 5) | સાળ | 6) | સામટી |
| 7) | કામધેનું | 8) | સમાણી | 9) | ધીંગી |
| 10) | અંતરપ્રકાશ | 11) | પાય | 12) | અમી છલકવું |

## શબ્દાર્થ

1) રંગભર્યું = આનંદથી ભરેલું
2) નીર = પાણી
3) રેંટિયો = સૂતર કાંતવાનું સાધન
4) ખટુકો = ફાળકો
5) સાળ = કાપડ વણવાનું સાધન
6) સામટી = એકસાથે
7) કામધેનું = મનોકામના પૂરી કરનારી ગાય
8) સમાણી = સરખી.
9) ધીંગી = મજબૂત
10) અંતરપ્રકાશ = આંતરિક તેજ
11) પાય = પગ
12) અમી છલકવું = હેત ઉભરાવું

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) સુખ –દુ:ખમાં ગામના લોકો શું કરે છે ?
જ) સુખ –દુ:ખમાં ગામના લોકો પરસ્પર સાથ સહકારથી કામ કરે છે.

2) ગામ કેવુ છે ?
જ) ગામ નાનું છતાં રૂપાળું તેમજ રંગભર્યું છે.

3) ગામડાના લોકોની આંખમાં શું છલકાય છે ?
જ) ગામડાના લોકોની આંખોમાં અમી ( હેત ) છલકાય છે.

4) સંત વિનોબા અને ગાંધી બાપુને ગામલોકો કઇ રીતે યાદ કરે છે ?
જ) સંત વિનોબાને એમની વાણીરૂપે તેમજ ગાંધી બાપુને એમના જીવનસંદેશ દ્વારા ગામલોકો યાદ કરે છે.

5) નદીનાં ધીમાં નીર કેવાં છે ?
જ) નદીનાં ધીમાં નીર મીઠાં છે.

## <u>વ્યાકરણ</u>

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | રૂપાળું | = | મોહક | 2) | સામટું | = | બધું |
| 3) | ગાવડી | = | ગાય | 4) | અંતર | = | મન |

### નીચેના શબ્દસમૂહો માટે એક-એક શબ્દ આપો.

1) સૂતર કાંતવાનું સાધન = રેંટિયો
2) કાપડ વણવાનું સાધન = સાળ
3) મનોકામના પૂરી કરનારી ગાય = કામધેનુ